**GJSCI signs an MoU with Surat Diamond Association**

On 5th February 2015, Gems & Jewellery Skill Council of India signed a landmark MoU with the Surat Diamond association to certify 30,000 artisans from the diamond cutting & polishing industry based in the city. Though this agreement, artisans performing nine different job roles in the process of diamond cutting & polishing would be certified with the 'Recognition to Prior Learning' certificate. Recognition to priors Learning certificate is awarded to an artisan who has spent many years in the industry mastering a particular skill 'on the job' but has had no formal training for the same.

SDA, as per GJSCI's requirements, will ensure that all assessments conform to assessment guidelines and that these are undertaken as per the pre–defined format and in accordance with each of the performance criteria outlined in respective qualification packs. SDA will also develop question banks/ test papers in Gujarati as required as per guidelines based on QP/NOS of the job roles and get the same validated by GJSCI.

Keeping the fast pace of the industry in mind, the results of the assessment along with the original assessment sheet (electronically and physically) will be completed in a record 7 working days of the completion of the assessment. Mr. Prem Kothari, Chairman of the GJSCI was highly optimistic that more & more artisans from the diamond cutting & polishing industry in Surat will join the movement in the next phase, once this exercise is over.



# Diamond artisans to be trained for jobs abroad

TOI 08/02/15

Melvyn.ReggieThomas@timesgroup.com

**Surat:** Soon, the skilled diamond cutters and polishers from the diamond hub of Surat can look forward to migrating to Antwerp, US, Israel, Canada, Russia and African countries for higher pay packages.

Thanks to the Gems and Jewellery Skill Council of India (GJSCI), around 30,000 skilled diamond polishers would undergo written and theoretical exams for getting a valid certification as 'skilled diamond artisan'. This certificate will be issued by Government of India (GOI) under the National Skill Development Corporation (NSDC).

A memorandum of understanding (MoU) was signed between the Surat Diamond Association (SDA) and GJSCI at Mumbai on Friday which says that GJSCI would enroll 30,000 skilled workers in the first phase. Since the artisans are already in the industry, they will have to undergo training as per global standards, upgrading skills with latest technology. Surat in particular and Gujarat in general is a low-cost diamond cutting and polishing centre where the artisans are paid wages between $10 per carat to $50 per carat, while the diamond artisans abroad earn $90 to $300 per carat.

There are around 4.5 lakh workers in the diamond industry of which only 30% are skilled artisans while others are semi-skilled. SDA president Dinesh Navadia said, "Many artisans are working in the industry for the last 30 years but they can't get jobs abroad due to want of certificates."

"There is an underlying fear as well in the industry that skilled artisans may migrate to higher paying centres abroad. But the flip side is that most skilled artisans have almost completed their 30 to 40 years serving the industry and now there is no meaning for them to go looking for jobs abroad. It is a jackpot for the young artisans," said an analyst Aniruddha Lidhide.

President of Surat Ratnakalakar Sangh Babu Jirawala said, "It is a golden opportunity for the diamond artisans."

## જીજેએસસીઆઇ અને ડાયમંડ એસોસિયેશન વચ્ચે એમઓયુ થયા

સંદેશ

# વર્ષોના અનુભવી રત્નકલાકારોને નિષ્ણાત તરીકે સર્ટિફાઇડ કરાશે

07/02/15

સુરત : ડાયમંડ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા લાખો રત્નકલાકારો પૈકી ઘણાં ખરાએ આ ક્ષેત્રની તાલીમ મેળવી નથી. વર્ષોના અનુભવના આધારે મહારથ મેળવી છે. આ તબક્કે આ અનુભવી રત્નકલાકારોને પણ નિષ્ણાંત તરીકેનો દરજ્જો મળે તે માટે કેન્દ્ર સરકારના સેકટર સ્કિલ કાઉન્સિલ દ્વારા આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

કેન્દ્ર સરકારે વિવિધ ક્ષેત્રમાં તાલીમબદ્ધ નિષ્ણાંતો તૈયાર કરવા માટે સેકટર સ્કિલ કાઉન્સિલની રચના કરી છે. જેમાં જેમ- જ્વેલરી સેકટરના નિષ્ણાંતો તૈયાર કરવા માટે પણ અગાઉ પ્રયત્નો થયા હતા. જો કે, જેઓ અનુભવે જ નિષ્ણાંત બની ચૂકયા છે. તેઓને પણ નિષ્ણાંત તરીકે સર્ટિફાઇડ કરવાનું આયોજન હાથ ધરાયું છે. જે માટે જીજેએસસીઆઈ (જેમ એન્ડ જ્વેલરી સ્કિલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા) અને સુરત ડાયમંડ એસોસિયેશન વચ્ચે એમઓયુ થયા છે. આ યોજના હેઠળ જેમ- જ્વેલરી ક્ષેત્રમાં વર્ષોથી કામ કરતા અને તેમના ક્ષેત્રમાં નિપુણતા ધરાવનારાઓની પરીક્ષા લેવામાં આવશે. જે તે યૂનિટો પર જઈ નિશ્ચિત કરાયેલા માળખા પ્રમાણે પરીક્ષા લઈ આવનારા પરિણામ મુજબ સર્ટિફિકેશન કરાશે. જે અંગે સુરત ડાયમંડ એસોસિયેશનના પ્રમુખ દિનેશ નાવડિયાએ જણાવ્યું હતું કે, આ અંગે સુરત ડાયમંડ એસોસિયેશન પર નોંધણીની કામગીરી કરવામાં આવશે. માર્ચ મહિના સુધીમાં 30,000 લોકોને આવરી લેવાનું આયોજન છે. આ અંગે ટૂંકમાં ડિટેઈલ પ્લાનિંગ જાહેર કરવામાં આવશે. અત્રે નોંધનીય છે કે, રાજ્યભરમાં ફક્ત હીરા ઉદ્યોગમાં ૧૦ લાખ જેટલા રત્નકલાકારો છે. જે પૈકી ડાયમંડ સિટી સુરતમાં જ પાંચ લાખ રત્નકલાકારો છે. આગામી દિવસોમાં આ યોજના હેઠળ અન્ય ડાયમંડ સેન્ટરને પણ આવરી લેવામાં આવે તેવી શકયતા છે.

# હીરા ઉદ્યોગમાં કુશળ રત્નકલાકાર તૈયાર કરવા મુંબઈમાં SDA અને GJSCIએ MOU કર્યા!

ગુજ. મિત્ર 07/02/15

- **ડાયમંડ એસો.ના દિનેશ નાવડીયા અને કેન્દ્રની જેમ-જ્વેલરી સ્કીલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા વચ્ચે MOU થયા**
- **એક હજારના જુથમાં રત્નકલાકારોને અદ્યતન ટેક્નોલોજીના ઉપયોગની તાલીમ આપી પરીક્ષા પછી કાઉન્સિલ પ્રમાણપત્ર પણ આપશે**

સુરત, શુક્રવારઃ સુરતના હીરા ઉદ્યોગમાં કાર્યરત રત્નકલાકારોને તેમની કામગીરીની કેટેગરી પ્રમાણે ઓળખ મળે તે માટે એક સ્કીલ્ડ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ કારીગરોને તૈયાર કરાશે.

રત્નકલાકારોને વિશિષ્ટ ઓળખ મળે તે માટે મુંબઈમાં સુરત ડાયમંડ એસોસીએશનના પ્રમુખ દિનેશ નાવડીયા અને કેન્દ્રની જેમ એન્ડ જ્વેલરી સ્કીમ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાએ એમઓયુ કર્યું હતું.

૧૦૦૦/૧૦૦૦ રત્નકલાકારોના બેચને ટ્રેનિંગ આપી તેમની લેખિત અને મૌખિક પરીક્ષા લેવામાં આવશે, તેમાં પાસ થનાર રત્નકલાકારને કેન્દ્ર સરકાર સ્કીલ્ડ ડાયમંડ વર્કરનું તેની કામની કેટેગરી મુજબનું સર્ટિફિકેટ આપશે. સુરત ડાયમંડ એસો. ના પ્રમુખ દિનેશ નાવડીયાએ જણાવ્યું હતું કે, ૩૦ હજાર રત્નકલાકારોને લક્ષ્યાંકમાં રાખી તેમને ટ્રેનિંગ અપાશે. તે પછી તેમની લેખિત મૌખિક પરીક્ષા લઈ તેમના કામની કુશળતા (પારંગતતા) પ્રમાણેનું પ્રમાણપત્ર અપાશે. આ પ્રમાણપત્ર રત્નકલાકારની સ્પેશિયાલીટીની ઓળખ ઉભી કરશે. વિદેશમાં કોઈ ડાયમંડ મેન્યુફેક્ચરીંગ યુનિટમાં કામ કરવા ઇચ્છુક હશે તો તે એક પ્રકારની ડિગ્રી જેવુ કામ વિઝા મેળવવા સરળતા પૂરી પાડશે. આ એમઓયુના પરિણામથી રત્નકલાકારો વધુ કુશળ અને ટેક્નોલોજી સજ્જ બનશે તેમને એક દરજ્જો મળશે તથા કેન્દ્ર સરકાર માટે સ્કીલ્ડ ડાયમંડ વર્કર તરીકેનો એક ડેટા ઉભો થશે. નાવડીયાએ જીજેએસસીઆઇના ચેરમેન પ્રેમ કોઠારી સાથે મુંબઈમાં એમઓયુ કર્યું હતું.

નવી પહેલ

વર્ષોથી ડાયમંડ ફેક્ટરીમાં કામ કરતા લાખો રત્નકલાકરો નિપૂણ હોવા છતા તેમને યોગ્ય ઓળખ મળતી ન હતી

# રત્નકલાકારોને ડિપ્લોમા સમકક્ષ સર્ટિફિકેટ અપાશે

દિવ્યભાસ્કર 07/02/15

## કેન્દ્ર સરકાર પ્રાયોજિત GJSCI અને સુરત ડાયમંડ એસોસીએશન વચ્ચે એમઓયુ કરવામાં આવ્યા

ભાસ્કર ન્યૂઝ.સુરત

વર્ષોથી ડાયમંડ ફેક્ટરીઓમાં કામ કરતા રત્ન કલાકારો તેમની કામગીરીમાં ભલે નિપૂણ હોય પરંતુ તેમની પાસે કોઈ પણ પ્રકારનું સર્ટિફિકેટ કે કાયદેસરનું શિક્ષણ નથી. સુરત ડાયમંડ એસોસીએશને આ મુદ્દે પહેલ કરીને કેન્દ્ર સરકાર દ્વારા પ્રાયોજિત જેમ્સ અન્ડ જ્વેલરી સ્કિલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા સાથે મુંબઈ ખાતે એમ.ઓ.યુ. કરીને રત્નકલાકારોને તેમની ઓળખ પ્રસ્થાપિત કરવા સર્ટિફિકેટ આપવાની દિશામાં પહેલ કરી છે. આ પ્રકારની યોજના સૌપ્રથમવાર અમલમાં મુકાશે.

રફ ડાયમંડને પોલીશ્ડ કરીને તૈયાર કરનાર રત્નકલાકાર તેમના કામમાં નિષ્ણાંત છે પરંતુ એક નોકરી છોડીને બીજે જોડાવું હોય ત્યારે તેને ઘણી મુશ્કેલી પડે છે. રત્નકલાકાર પાસે કાયદેસરનું શિક્ષણ નથી કે જેમાં નિપુણ છે તેની સાબિતી આપતું સર્ટિફિકેટ નહીં હોવાથી તેની હાલત ઘણીવાર કફોડી બની જાય છે. સુરત ડાયમંડ એસોસીએશને રત્ન કલાકારોના ઉત્થાન માટે પહેલ કરી છે. જેમ્સ એન્ડ જ્વેલરી સ્કિલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા સાથે મળીને ડાયમંડ એસોસીએશન રત્ન કલાકારોને તેમની નિપૂણતા માટે સર્ટિફિકેટ આપશે. ગઈકાલે મુંબઈ ખાતે ડાયમંડ એસો.ના પ્રમુખ દિનેશ નાવડિયા અને જેમ્સ એન્ડ જ્વેલરી સ્કિલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ચેરમેન પ્રેમ કોઠારીએ નવી યોજના માટે એમ.ઓ.યુ. કર્યા હતાં.

નવી યોજનામાં પ્રથમ તબક્કામાં આગામી માર્ચ મહિના અંત સુધીમાં 30 હજાર રત્ન કલાકારોની પરીક્ષા લઈને તેમને સર્ટિફિકેટ આપવામાં આવશે. આ યોજનાથી રત્ન કલાકારોની તો ઓળખ ઉભી થશે જ સાથો સાથ તેમનો ડેટા બેઝ પણ ઉભો થશે. જેના કારણે રત્નકલાકારોની સમાજમાં ખરી ઓળખ બહાર આવશે અને બીજી ઓફિસમાં નોકરીએ જવામાં અપાયેલું સર્ટીફિકેટ મદદરૂપ બનશે.

### બે મહિનામાં જ 30 હજારને સર્ટિફિકેટ અપાશે

ડાયમંડ ઇન્ડસ્ટ્રીઝમાં વર્ષોથી કામ કરતા રત્ન કલાકારોના ઉત્થાન માટે નવી યોજના અમલમાં આવશે. જેમાં રત્ન કલાકારોની પરીક્ષા લઈને તેમને ડિપ્લોમાની સમકક્ષ સર્ટિફિકેટ આપવામાં આવશે. » દિનેશ નાવડિયા, પ્રમુખ, સુરત ડાયમંડ એસોસીએશન

---

હીરા ઉદ્યોગમાં કામ કરતા

# ૩૦ હજાર રત્નકલાકારોને ટ્રેનિંગ આપી સર્ટિફિકેટ અપાશે

07/02/15

સુરત,તા.૬

હીરા ઉદ્યોગનાં ૩૦ હજાર વર્કરોને ઓળખીને તમામને ટ્રેનીંગ આપી ખાસ તાલીમ આપવા માટેનાં એમઓયુ સુરત ડાયમંડ એસો. તથા જેમ એન્ડ જવેલરી સ્કીરસ ડેવલપમેન્ટ કાઉન્સીલ વચ્ચે કરવામાં આવ્યા છે.

આ બાબતે વિગતો આપતા સુરત ડાયમંડ એસો.નાં પ્રમુખ દિનેશભાઈ નાવડિયાએ જણાવ્યુ કે સુરતનાં હીરા ઉદ્યોગક્ષેત્રે કાર્યરત સુરત ડાયમંડ એસો. તથા મુંબઈ ખાતે કાર્યરત જેમ એન્ડ જવેલરી સ્કીલ ડેવલપમેન્ટ કાઉન્સીલ (જીજેએસસીઆઈ) વચ્ચે એમઓયુ કરવામાં આવ્યા છે. જે અંતર્ગત હીરા ઉદ્યોગમાં કામ કરતા રત્નકલાકારો પૈકી પ્રાથમિક તબક્કે ૩૦ હજાર રત્નકલાકારોને ખાસ લઈને તેમને બંને સંસ્થાઓ તરફ સર્ટીફીકેટ આપવામાં



આવશે અને આ સર્ટીફિકેટની આધારે રત્નકલાકારોને એક નવી ઓળખ મળશે અને તેઓ કવોલીફાય રત્નકલાકારોની ગણત્રીમાં આવશે.

## એસડીએ અને જીજેએસસી આઈ વચ્ચે થયેલા એમઓયુ : દિનેશભાઈ નાવડિયા